પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૦૭ | ૭ ઓક્ટોબર, ૨૦૨૧, ગુરૂવાર; આસો સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# નીટની પરીક્ષા જૂની પેટર્ન પર લેવાશે

## સુપ્રિમમાં કેન્દ્ર ઝૂકી : આ વર્ષે પરીક્ષાની પેટર્નમાં કોઇ ફેરફાર કરવામાં નહિ આવે : નવી પેટર્ન આગામી સત્ર ૨૦૨૨-૨૩થી લાગુ કરાશેઃ કેન્દ્ર સરકાર

ન્યુ દિલ્હી,તા.૬

સુપ્રીમ કોર્ટે આજે કહ્યું હતું કે આ વર્ષે નીટ સુપર સ્પેશિયાલિટી ડીએમની પેટર્નમાં કોઈ ફેરફાર થશે નહીં. આ પરીક્ષા માત્ર જૂની પેટર્ન પર લેવામાં આવશે. કેન્દ્ર અને નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન્સે સુપ્રીમ કોર્ટ સમક્ષ સ્વીકાર્યું કે આ વર્ષે નીટ સુપર સ્પેશિયાલિટી પરીક્ષા જૂની પેટર્ન મુજબ લેવામાં આવશે. નવી પેટર્ન આવતા વર્ષથી લાગુ થશે. સુપ્રીમ કોર્ટના ઠપકા પછી કેન્દ્ર સરકારે જૂની પેટર્ન પર જ નીટ-પીજી સુપર સ્પેશિયાલિટી પરીક્ષા ૨૦૨૧ લેવાનું કહ્યું છે. કેન્દ્રએ કોર્ટને કહ્યું કે આ પરીક્ષા જૂની પ્રશ્ન પેટર્ન મુજબ લેવામાં આવશે. નવી પેટર્ન આગામી સત્ર ૨૦૨૨-૨૦૨૩ થી લાગુ થશે. સુપ્રીમ કોર્ટે કેન્દ્રના પ્રસ્તાવ પર સંતોષ વ્યક્ત કર્યો છે.

સુપ્રીમ કોર્ટે મંગળવારે નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ સુપર સ્પેશિયાલિટી-૨૦૨૧ ની પેટર્નમાં કરેલા "છેલ્લી ઘડીના ફેરફારો" પર નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે કહ્યું હતું કે પ્રથમ દ્રષ્ટિએ એવું લાગે છે કે તેનો હેતુ ખાલી પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ બેઠકો ભરવાનો છે. સુપ્રીમ કોર્ટે પરીક્ષાને બે મહિના સુધી મુલતવી રાખવાની કેન્દ્ર સરકારની નવી દરખાસ્તને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે બુધવારે કેન્દ્ર સરકારને પુનર્વિચાર કરવા કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કાં તો સરકારે જાતે જ જૂની પેટર્ન પર પરીક્ષા લેવી જોઈએ નહીંતર કાયદાના હાથ લાંબા છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે અંતિમ ક્ષણે પરીક્ષાની પેટર્નમાં ફેરફાર તાર્કિક હોવો જોઈએ. સરકારનું આ પગલું મેસેજ આપી રહ્યું છે કે મેડિકલ વ્યવસાય એક ધંધો બની ગયો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે છેલ્લી ઘડીએ પેટર્ન બદલવાની શું જરૂર છે. સરકાર નવી પેટર્ન લાવી શકે છે, તે તેના કાર્યક્ષેત્રમાં છે, પરંતુ તેનો અમલ આવતા વર્ષે થવો જોઈએ. જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે કહ્યું કે તમારે તેમને થોડો સમય આપવાની જરૂર છે. ફેરફારો કરવા માટે કેટલી ઉતાવળ છે. સરકારે વિદ્યાર્થીઓ માટે થોડી ચિંતા કરવી જોઈએ, આ વિદ્યાર્થીઓએ આટલા લાંબા સમયથી તૈયારી કરી છે. જે દિવસથી તે એમબીબીએસમાં જોડાય છે, ત્યારથી તે સુપર સ્પેશિયાલિટીમાં પ્રવેશવાનું લક્ષ્ય ધરાવે છે. તેઓ સતત અભ્યાસ કરે છે અને પ્રતિબદ્ધ છે. હવે તમે કહી રહ્યા છો કે પરીક્ષા વધુ બે મહિના માટે મુલતવી રાખવી જોઈએ. જ્યારે આ વિદ્યાર્થીઓ આટલા લાંબા સમયથી તૈયારી કરી રહ્યા છે ત્યારે વધુ બે મહિના કેમ વેડફવા દો. કેન્દ્રએ જાન્યુઆરી ૨૦૨૨ સુધી પરીક્ષા રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. નીટ એસએસ પરીક્ષા પેટર્નમાં અંતિમ સમયમાં કરવામાં આવેલા ફેરફાર સામે ૪૧ પીજી વિદ્યાર્થીઓએ સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરી હતી.

## રેલ્વે કર્મીઓને મોદી સરકાર ૭૮ દિવસનું બોનસ આપશે

ન્યુ દિલ્હી,તા.૬

કાપડ ઉદ્યોગ માટે આજે કેબિનેટે MITRA સ્કીમને મંજૂરી આપી દીધી છે. આ યોજના હેઠળ સમગ્ર દેશમાં સાત મેગા ટેક્સટાઈલ ઈન્વેસ્મેન્ટ પાર્ક તૈયાર કરવામાં આવશે. કેબિનેટ બ્રીફિંગ દરમિયાન કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યુ કે રેલવે કર્મચારીઓને ૭૮ દિવસનુ બોનસ પણ આપવામાં આવશે.

## મોંઘવારી : ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવમાં ૧૫ રૂપિયાનો વધારો

ન્યુ દિલ્હી,તા.૬

છેલ્લાં કેટલાંક સમયથી સામાન્ય પ્રજાને મોંઘવારીના એક પછી એક ઝાટકા લાગી રહ્યા છે. પેટ્રોલ-ડિઝલના ભાવમાં તો 'આગલ્ર લાગેલી જ છે. ત્યાં આજે સવારે રાંધણ ગેસના ભાવમાં વધારો થતાં સામાન્ય પ્રજાની કેડ વળી જવાની છે. ફેસ્ટિવલ સીઝન પહેલા સામાન્ય માણસને મોંઘવારીનો વધુ એક ફટકો પડ્યો છે. ઘરેલુ એલપીજી ગેસ સિલિન્ડર ફરી એક વખત મોંઘો થયો છે. સરકારી તેલ કંપનીઓએ આજે ૬ ઓક્ટોબરે એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો કર્યો છે. તેલ કંપનીઓએ સબસિડી વગરના ૧૪.૨ કિલોના સિલિન્ડરની કિંમતમાં ૧૫ રૂપિયાનો વધારો કર્યો છે. આ વધારા બાદ હવે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં એલપીજી સિલિન્ડરની કિંમત ૮૮૪.૫૦ રૂપિયાથી વધીને ૮૯૯.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર થઈ ગઈ છે. આ મહિનાના પહેલા દિવસે ઓઈલ કંપનીઓએ ૧૯ કિલો કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં પ્રતિ સિલિન્ડર ૪૩.૫ રૂપિયા સુધીનો વધારો કર્યો હતો. આ સમયે ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતોમાં કોઈ વધારો થયો ન હતો પરંતુ આજે એલપીજી સિલિન્ડરની કિંમતમાં વધારો થયો છે.

**ફ્લેટ વેચવાનો છે**

સે.૧૪, બ્લોક નં. ૧૭/૧૯૪, MIG, 1BHK, ગ્રાઉન્ડ ફ્લોર, રીનોવેશન કરેલ, ગેસ લાઈન સાથે.

૩૨ લાખ ફીક્સ

શૈલેષભાઈ મહેતા

મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬




